# આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે સ્નેહમિલન સમારોહ યોજાયો

વિક્રમ સંવત ૨૦૭૮ ના નવા વર્ષ માટેનો આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનો ઓનલાઇન સ્નેહમિલન સમારોહ ZOOM પ્લેટફોર્મના માધ્યમ દ્વારા તા.૧૧/૧૧/૨૦૨૧ ના રોજ ૧૦.૦૦ કલાકે માન. કુલપતિશ્રી ડૉ. કે.બી. કથીરીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલ. જેમાં આણંદ કૃષિ યુનિવર્સીટીના યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તેમજ વિધાર્થીઓએ ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆતમાં સર્વેએ એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવેલ. ડૉ. દિનેશ એચ. પટેલ, નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ દ્વારા સ્વાગત પ્રવચન કરી તમામને આવકારેલ. ત્યારબાદ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તેમજ વિવિધ કોલેજોના ડીન અને આચાર્યશ્રીઓ દ્વારા નવા વર્ષની શુભેચ્છાઓ આપવામાં આવેલ. સમારોહના અધ્યક્ષશ્રી ડૉ. કે.બી. કથીરીયા, માન. કુલપતિશ્રી નવા વર્ષની શુભેચ્છા પાઠવી તેમજ નવા વર્ષે યુનિવર્સીટી નવા સફળતાના શિખરો સર કરે તે માટે તમામ કર્મચારીઓને અવિરત કામ કરવા આહવાન કરેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન ડૉ. કે.બી. કથીરીયા, માન. કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ ડૉ. દિનેશ એચ. પટેલ, નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ દ્વારા કરવામાં આવેલ.



